ટપક E-MAGAZINE

Volume 3, Issue 5

August 2025

૨૯ – ઓમનગર (૩), જી.આઇ.ડી.સી. પાછળ, હનુમાનપરા રોડ, અમરેલી - ૩૬૫૬૦૧, ગુજરાત

વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ બગસરા દ્વારા તા. ૨જી ઓગસ્ટ ના રોજ જૂના ઝાંઝરીયા ગામે આયોજિત ‘શ્રેષ્ઠ નાગરિક સન્માન’ કાર્યક્રમમાં સંસ્થામાંથી ધીરુભાઈ વાગડિયા, નરેન્દ્રભાઈ પોંકિયા, સુરેન્દ્રનાથ નાયક અને ભરતભાઈ વાળાએ હાજરી આપી.






૪ ઓગષ્ટ ૨૦૨૫ના રોજ જિલ્લા રોજગાર કચેરી તથા જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરીના સયુક્ત ઉપક્રમે આયોજિત નારી વંદન ઉત્સવ નિમિતે આયોજિત ખાસ મહિલાઓ માટે રોજગાર ભરતીમેળો યોજાયેલ હતો. જેમાં આપણી સંસ્થાએ પણ ભાગ લીધો હતો. સંસ્થાના પ્રતિનિધિ તરીકે લતાક્ષીબેન અને માનસીબેન ઉપસ્થિત રહીને સંસ્થાનો પરિચય, કેવા પ્રકારના કામો કરે છે, ક્યાં ઉમેદવારની જરૂરીયાત છે વગેરે બાબતો વિશે માહિતી આપી. તેમજ યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોનું રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું.







Share your review



www.sskkamreli.org info@sskkamreli.org

**સંસ્થામાંથી ભરત વાળા તા. ૨૧ અને ૨૨ ઓગસ્ટ ૨૦૨૫ ના રોજ મુંબઈ ખાતે લિંગ આધારિત હિંસા નિવારણ પર કામ કરતી સંસ્થાઓના સહભાગીઓ માટે આયોજિત તાલીમમાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમ સ્નેહા સંસ્થા મુંબઈ દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો.**




**કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અમરેલી ખાતે લાઠી તાલુકાના કેરીયા ગામના 33 ખેડૂતો માટે કૃષિ લક્ષી કૌશલ્ય વિકાસ માટે તા.૦૪/૦૮/૨૦૨૫ થી ૦૬/૦૮/૨૦૨૫ દરમિયાન ત્રી દિવસીય સંસ્થાકીય તાલીમનું સફળ આયોજન કરવામાં આવ્યું. વિષય નિષ્ણાંતો દ્વારા વિવિધ કૃષિ વિષયો પર માર્ગદર્શન આપવામાં આવ્યું અને દરેક ખેડૂતને પ્રમાણપત્ર તથા નેનો યુરિયાની બોટલ આપી સન્માનિત કરાયા.**






**આયોજિત પ્રવૃત્તિઓ મુજબ, ફેરોમોન ટ્રેપ વિતરણ, ઈટીએલ અવલોકન, આબોહવા પરિવર્તન મૂલ્યાંકન, પીપીઈ કીટ વિતરણ, કૃષિ તાલીમ, એલજી મીટીંગ, બાયો ઈનપુટ સેન્ટર મુલાકાત, ટ્રેડ સેન્ટર મુલાકાત, જેન્ડર ગેમ, ક્ષમતાવર્ધન તાલીમો, અઠવાડિક મીટીંગો, મજૂર તાલીમો વગેરે તમામ કાર્યવિસ્તારોમાં હાથ ધરવામાં આવ્યા હતા.**

































## કૌશિક પંડ્યા અને ઉમિયા સાંખટે ૨૦ ઓગસ્ટ ૨૦૨૫ ના રોજ ધાંગધ્રા ખાતે બેટર કોટન દ્વારા આયોજિત ક્રોપ મેપિંગ એક્સરસાઈઝમાં ભાગ લીધો હતો. ફિલ્ડ સ્ટાફ માટે પણ આ જ કસરતો કરવામાં આવી હતી.









## સંસ્થાની કારોબારી સમિતિની બેઠક ૧૭ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ સંસ્થાના મુખ્ય કાર્યાલય ખાતે મળી હતી.





ટપુક E-MAGAZINE
Volume 3, Issue 5
August 2025

**૨૪ અને ૨૫ ઓગસ્ટ ૨૦૨૫ ના રોજ અમરેલી ઓફિસ ખાતે વ્યવસાય આયોજન, માર્કેટિંગ અને નિર્ણય લેવાની કુશળતાના વિકાસ પર ઉદ્યોગસાહસિકોની ક્ષમતા નિર્માણ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.**



**CCFCF અને NABARD ના સહયોગથી સંસ્થા દ્વારા સંચાલિત LEDP કાર્યક્રમના 2 ઉદ્યોગસાહસિકોએ ૧૦ થી ૧૨ ઓગસ્ટ ૨૦૨૫ દરમિયાન ભુજ ખાતે હેન્ડલુમ અને હસ્તકલાના રાજ્ય સ્તરના પ્રદર્શન અને વેચાણમાં ભાગ લીધો હતો. તેમણે સ્ટોલ પર નવજાત શિશુ કીટ અને હસ્તકલા વસ્તુઓ મૂકી હતી.**






**INGJ ૪૫ ચિતલ ક્લસ્ટર પ્રોજેક્ટમાં તા. ૨૯ થી ૩૧ ઓગષ્ટ ૨૦૨૫ દરમ્યાન iMentor દ્વારા સર્ટિફિકેશન ઓડિટ વિઝીટ કરવામાં આવી.**





મહિના દરમિયાન કાર્યવિસ્તારમાં ટીમો દ્વારા વૃક્ષારોપણ પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી. જેમાં ગોંડલ કાર્ય વિસ્તારમાં ૬ ગામોમાં અંદાજે ૧૧૬૪૫ છોડનું વિતરણ કરી વૃક્ષારોપણ કરવામાં આવ્યું. આ પહેલનો ઉદ્દેશ સ્થાનિક ઈકોસિસ્ટમને પુનઃસ્થાપિત કરવાનો અને વધારવાનો છે. નવા વાવેલા વૃક્ષો જમીનને સ્થિર કરવામાં અને ધોવાણ ઘટાડવામાં મદદ કરશે. સમય જતાં આ હરિયાળી વધતી જૈવવિવિધતાને ટેકો આપશે.






ખરીફ પાક જેમ કે મગફળી, કપાસ, તુવેર અને અન્ય માટે શ્રેષ્ઠ પદ્ધતિઓની ચર્ચા કરવા માટે ગોંડલ વિસ્તરના ૪ ગામોના ૧૧૬ ખેડૂતો સાથે કૃષિ તાલીમ પૂર્ણ કરવામાં આવી હતી. સહભાગીઓ આ પાકોને અસર કરતા સામાન્ય રોગો અને જીવાતો વિશે શીખ્યા, જેમાં ઉપદ્રવને કેવી રીતે ઓળખવો અને તેનું નિયમન કેવી રીતે કરવું તે બાબતો સામેલ છે. તાલીમમાં જમીનની ફળદ્રુપતામાં ઘટાડો અને રાસાયણિક ખાતરો સાથે સંકળાયેલી વધતી જતી બિનકાર્યક્ષમતા અને ખર્ચ પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો હતો, જે વધુ ટકાઉ પોષક તત્વોના નિયમનની જરૂરિયાત પર ભાર મૂકે છે. વધુમાં, ખેડૂતોને આંતરપાક ટેકનોલોજીનો પરિચય કરાવવામાં આવ્યો હતો, જે જમીનની સંરચના અને ફળદ્રુપતામાં સુધારો કરી શકે છે, જૈવવિવિધતા દ્વારા જીવાતો અને રોગોને દબાવી શકે છે અને એકંદર ઉપજમાં વધારો કરી શકે છે.





**ગોંડલ તાલુકામાં ડિજિટલ અને નાણાકીય સાક્ષરતા પર બે તાલુકા સ્તરના તાલીમ કાર્યક્રમો પૂર્ણ કર્યા. ઘોઘાવદર, હડમતાળા (ગોંડલ), દોલતપર અને સોળીયા ગામોની ૧૮૩ મહિલાઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો.**







**આ મહિને, કુલ ૮૪૯ ખેડૂતો સાથે સારી કૃષિ પદ્ધતિઓ માટે પ્રચાર કર્યો, જેમાં ૨૮૮.૧૭૬ હેક્ટર જમીનને સોલાર રડાર લાઈટ ટ્રેપ, ડ્રોન સ્પ્રે (કૃષિ વિભાગ (વિસ્તરણ) અને સ્વ-સહાય જૂથના સહયોગથી), તુવેર અને રૂ. ૬૯૯૪૮૦ નાં ખર્ચે ૭૦૫૯ આંબાના રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું.**









## પ્રોજેક્ટના કામોની માસિક સમીક્ષા અને અયોજન માટે તા. ૦૬/૦૮/૨૦૨૫ ના રોજ IADLE, INGJ14 અને INGJ27ની મીટીંગ યોજાઈ ગઈ.




## ઓગસ્ટ-૨૫ દરમિયાન IADLE પ્રવૃત્તિઓ

### ૫ ગામોમાં સંકલિત જીવાત અને રોગ નિયંત્રણ વિષયક ખેડૂત તાલીમનો દ્વિતીય તબક્કો યોજાયો, જેમાં કુલ ૬૩૩ ખેડૂતોએ ભાગ લીધો અને લીડર ખેડૂતની માસિક બેઠકો યોજાઈ, જેમાં કુલ ૫૨ લીડર ખેડૂતોએ ભાગ લીધો.








ટપક E-MAGAZINE
Volume 3, Issue 5
August 2025

## ૫ ગામોના ૨૦૦ ખેડૂતોએ INM અને IPM ડેમો સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું.







Watch useful YouTube videos on project activities run by the organization and subscribe to our channel : Click here

GREATNONPROFITS 2023 TOP-RATED NONPROFIT

TRANSPARENCY CERTIFIED GuideStarIndia GOLD VALID TILL JUN 2021 AWARDED TO GSN 556 Shikshan Ane Samaj Kalyan Kendra

Commitment to Transparency Verified, Valid till Dec 2023 GuideStarIndia Organisation shares proof of filing its Income Tax Return for FY 2021-22 on www.guidestarindia.org

Share your review



www.sskkamreli.org info@sskkamreli.org